GJDH030018732023

Filed on :24/08/2023
Registered on :24/08/2023
Decided on :07/03/2026
Duration :YY-MM-Days
:02-06-11

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નંબર સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**FORM-A**

---

**દેવગઢ બારીયાના મહે. એડી. જ્યુડીશીયલ મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢ બારીયા.**

---

**શ્રી એસ.ઓ.ગર્ગ, એડી.જ્યુ.મેજી.ફ.ક., દેવગઢ બારીયા.**

**ક્રિમીનલ કેસ નં. ૧૨૮૫/૨૦૨૩**
**આંક –૨૮**

| | |
|---|---|
| **ચુકાદા તારીખ** | ૦૭/૦૩/૨૦૨૬ |
| **ક્રિમીનલ કેસ નં.** | ૧૨૮૫/ ૨૦૨૩ |
| **ગુન્હાની કલમ** | ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબ. |
| **ફરીયાદી** | શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લી. ના પાવર ઓફ એટર્ની હોલ્ડર યશપાલ વિરેન્દ્રપ્રતાપસિંહ ક્ષત્રિય.<br>રહે. ૧૦૫,૧૦૬, પહેલો માળ, શીવ પ્લાઝા, રાજ મહેલ રોડ, મુ.તા.દેવગઢબારીઆ, જી.દાહોદ. |
| **ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી** | ડી.એચ.બારીઆ. |
| **આરોપી** | ઉમેશભાઈ મોહનભાઈ પટેલ.<br>ધંધો : ડ્રાઈવીંગ,<br>રહે. બોરગોટા, હોળી ફ., તા.દેવગઢબારીઆ, જી.દાહોદ. |

| | |
|---|---|
| **આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી** | એસ.કે.બારીઆ |

## <u>ફોર્મ – બી</u>

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૮/૦૭/૨૦૨૩ |
| તહોમતનામુ/પ્લી નોંધ્યા તારીખ | ૦૭/૧૨/૨૦૨૩ |
| દલીલ સાંભળેલ તારીખ | ૦૨/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ(જો હોય તો) | ૦૭/૦૩/૨૦૨૬ |

## <u>આરોપીની વિગતો</u>

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપીસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મદ્ધતનો સમય ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ઉમેશભાઈ મોહનભાઈ પટેલ | –– | –– | ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ | સજા | બે વર્ષ | – |

## <u>ફોર્મ – સી</u>

### <u>એ–ફરીયાદ પક્ષના સાક્ષી:–</u>

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કં | મૌખિક | ૦૪ |

| | | | |
|---|---|---|---|
| | પની લી. ના પાવર ઓફ એટર્ની હોલ્ડર યશપાલ વિરેન્દ્રપ્રતાપસિંહ ક્ષત્રિય. | | |

**બી–આરોપી પક્ષના સાક્ષી:–**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | – | – | – |

**સી–કોર્ટ તરફેના સાક્ષી:–**

| અ.નં. | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | – | – | – |

**એ–ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો:–**

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૬ | આરોપીએ ફરીયાદીને આપેલ અસલ ચેક નં. ૦૪૯૯૧૧ |
| ૨ | ૧૭ | ચેક પરત આવેલ તેનો અસલ ચેક રીટર્નમેમો. |
| ૩ | ૧૮ | આરોપીને ચેક રીટર્ન થયા બાદ આપેલ નોટીસની પોસ્ટ કર્યા અંગેની એકનોલેજમેન્ટ પાવતી. |
| ૪ | ૧૯ | આરોપીને નોટીસ બજયાનો પોસ્ટનો ઓનલાઈન સ્ટેટસ રીપોર્ટ |
| ૫ | ૨૦ | આરોપીને ચેક રીટર્ન થયા બાદ આપેલ નોટીસની ઓ .સી. |
| ૬ | ૨૧ | પાવર ઓફ એટર્ની |
| ૭ | ૨૨ | લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટનો ઉતારો. |

**બી–આરોપી પક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો:–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | – | – |

**સી–કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજો:–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | – | – |

**<u>ડી–મહ્ત્વની વસ્તુઓ:–</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | M01 | – |

**–: <u>જ જ મે ન્ ટ</u> :–**

**(૧) ફરીયાદીની ફરીયાદ હકીકત એવી છે કે,**

**(૧.૧)** ફરિયાદી શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઇનાન્સ કંપની લી.ના પાવર ઓફ એટર્ની હોલ્ડર યશપાલ વિરેન્દ્રપ્રતાપસીંહ ક્ષતિય તેમના સરતપાસના સોગંદનામામાં જણાવે છે કે, તેઓની ઓફીસ .૧૦૫–૧૦૬ પહેલો માલ, શિવ પ્લાઝા, રાજમહેલ રોડ, મું.તા.દે.બારીઆ, જી.દાહોદ મુકામે આવેલ છે અને ફરીયાદીની શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લી. કંપનીઝ એકટ–૧૯૫૬ હેઠળ સ્થપાયેલ રજીસ્ટર્ડ કંપની છે. તેની મુખ્ય શાખા ચેન્નઈ ખાતે આવેલી છે. સમગ્ર દેશમાં તથા ગુજરાતના વિવિધ શહેરોમાં શાખાઓ આવેલી છે. દે.બારીઆ મુકામે અમો ફરીયાદીની ઓફીસ ઉપરોકત સરનામે આવેલી છે. અમો ફરીયાદીની કંપની જુના તથા નવા વાહનો ઉપર એચ.પી. કરાર કરી લોન આપે છે.

**(૧.૨)** તમો આરોપી ફરિયાદીની ઓફીસે આવી મહિન્જા બોલેરો પી ગાડી જેનો રજિસ્ટ્રેશન નંબર. જીજે–૧૬એએ–૪૦૯૪ ખરીદી કરવા માંગતા હોઈ લોન મેળવવા માટે આવેલા અને તમો આરોપી અમારી ફાઈનાન્સ કંપનીના એગ્રીમેન્ટથી સંમત થઈને શ્રી રામ ફાઇનાન્સ લી. સાથે DEVGAT011070003 થી કરાર કરેલ છે અને કરારના જરૂરી કાગળો ઉપર તમો આરોપીએ સહી કરેલ છે.

**(૧.૩)** તમો આરોપીએ અને ફરીયાદી પાસેથી મેળવેલ લોનના હપ્તા નિયત સમયમાં તમો આરોપીએ ભરવાના હતા અને તમો આરોપીએ ફરીયાદી

ફાઈનાન્સ કંપની સાથે નકકી કરવામાં આવેલ શરતો મુજબના લોનના હપ્તા વ્યાજ સહિત ફાઈનાન્સ કંપનીમાં જમા કરાવતા ન હતા જેથી ફરીયાદીની ફાઈનાન્સ કંપનીના ચડેલ બાકી રહેલા હપ્તા ભરી જવા માટે તમો આરોપીને ફોન ઉપર જાણ કરેલ અને ચડેલ હપ્તાની અવાર નવાર માંગણી કરેલ તેમ છતા તમો આરોપીએ લોનના હપ્તા ચુકતે કરેલ નથી અને તમો આરોપી ગમે તે બહાને સમય પસાર કરતા ગયા હતા અને ફરીયાદીની ફાઈનાન્સ કંપનીના આરોપી પાસે બાકી રહેલી રકમની માંગણી કરતા તમો આરોપીએ ફરીયાદને તા.૧૪/૦૪/૨૦૨૩ ના રોજનો રૂ.૧,૧૦,૦૦૦/- પુરાનો શ્રી બારીઆ નાગરિક સહકારીબેંક લી., દે.બારીઆ શાખાનો ચેક નં.૦૪૯૯૧૧ નો આપેલ હતો અને સદર ચેક બેંકમાં રજુ કરતા સ્વીકરાઈ જશે અને ચેકના નાણાં ફરીયાદીની ફાઈનાન્સ કંપનીને મળી જશે તેવો પાકો વિશ્વાસ અને બાંહેધરી તમો આરોપીએ આપેલ.

**(૧.૪)** ત્યારબાદ તમો આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ એકસીસ બેંક, દે.બારીઆ શાખામાં આવેલ શ્રી રામ ફાઇનાન્સ લી.ના બેંક ખાતા નં. ૨૭૪૦૧૨૯૧૦૧૧૭૭૮ માં તા. ૧૩/૦૬/૨૦૨૩ ના રોજ સ્વીકારવા માટે રજુ કરતા તે ચેકનો અસ્વીકાર કરવામાં આવેલ છે અને તે ચેક અંગે બેંક ધ્વારા તા.૧૪/૦૬/૨૦૨૩ ના રોજ ચેક રીટર્ન મેમાના કારણ ૧ "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત ફરેલ છે.

**(૧.૫)** ત્યારબાદ તેની જાણ ફરીયાદીએ તમો આરોપીને કરેલ હતી પરંતુ તમો આરોપીએ ફરીયાદીને કોઈ પણ સંતોષકારક જવાબ આપેલ નહીં અને લોનના નાણા ભરવામાં ખોટા વાયદાઓ કરેલ હતા અને જેથી ફરીયાદીની ફાઈનાન્સ કંપનીને તમો આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો રહેલ નથી તથા તમો આરોપીના આવા બેજવાબદારી પુવર્કના વર્તનના કારણે ફરીયાદીની ફાઈનાન્સ કંપની સાથે છેતરપીડી, વિશ્વાસઘાતનો ભોગ બન્યા છે અને થણઓ આરોપીને જે અંગેની

કાયદેસરની નોટીસ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૦૮/૦૭/૨૦૨૩ ના રોજ નોટીસ આપેલ છે અને જેની બજવણી તમો આરોપીને. તા. ૧૦/૦૭/૨૦૨૩ ના રોજ થઈ ગયેલ હોવા છતા તમો આરોપીએ ફરીયાદીના નાણા નિયત સમયમાં ચુકવી આપેલ નથી.

(૧.૬) તમો આરોપીએ તમારી સહિ બીજી કરેલ હોય જાણતા હોવા છતાં ચેકમાં ખોટી સહિ કરી ફરિયાદીના કાયદેસરના લેણાં પેટે ચેક આપી ચેક રીટર્ન કરાવી અને તેઓના લેવાના થતાં કાયદેસરના નાણાં ડુબાડવાનો પ્રયત્ન કરેલ હોઇ અને તમો આરોપીએ ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય હાલની આ ફરિયાદ દાખલ કરવા ફરજ પડેલ છે.

(૨) **<u>કોર્ટની કાર્યવાહી–</u>**

(૨.૧) ઉપરોકત પેરેગ્રાફમાં જણાવેલ હકીકતવાળી ફરીયાદ રજુ કરતા ફરીયાદીની ફરીયાદને મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ ક્રિમીનલ કેસ રજીસ્ટરે લેવાનો હુકમ કરી ક્રિમીનલ્ પ્રોસીજર કોડની કલમ – ૨૦૪ ની જોગવાઈ અન્વયે આરોપી વિરૂધ્ધ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ ના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૨.૨) સદરહું ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં આરોપીને પ્રોસેસ બજતા આરોપી હાજર થયેલ અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડેલ. વધુમાં મારા પુરોગામી ન્યાયધીશશ્રી દ્વારા આંક–૦૮ થી આરોપીનો જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતાં સદરહુ ફરીયાદનું કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.વધુમાં, કેસનુ રેકર્ડ

ધ્યાને લેતાં મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ કેસને વોરંટ કેસ તરીકે ચલાવેલ છે.

(૩) **<u>ફરિયાદ પક્ષે ફોર્મ – સી મુજબ પુરાવાઓ –</u>**

(૩.૧) સદર કામના ફરીયાદ પક્ષે ફોર્મ–સી મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. સદર કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ.

(૪) **<u>ક્રિમી.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્યવે વિશેષ નિવેદન–</u>**

(૪.૧) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૧ સાથે વાંચતા કલમ– ૨૮૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા માટે કેસ મુલત્વી રાખવામાં આવેલ, પરંતુ આરોપી મુદ્દતે હાજર ન રહેતાં આરોપીનો વિશેષ નિવેદનનો હકક તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૫) **<u>દલીલો–</u>**

(૫.૧) **ફરીયાદ પક્ષની દલીલો–**

- આ કામે ફરીયાદી તરફે લેખિત દલીલો રજુ કરેલ છે અને જે દલીલોમાં ફરીયાદીના વિ.વ.શ્રી જણાવે છે કે, ફરીયાદીએ પોતાનો કેસ કાયદાની જોગવાઈ પ્રમાણે સાબિત કરેલો છે તથા ફરીયાદીએ પોતાનો કેસ સાબિત કરવામાં કલમ–૧૩૮ નેગો. ઈન્સ્ટ્રુ. એકટમાં આપવામાં આવેલ તમામ આવશ્યક તત્વો સાબિત કરેલા છે.
- વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, જયારે ફરીયાદીએ પોતાનો કેસ સાબિત કરેલ હોઈ ત્યારે પુરાવોનો બોજો આરોપી ઉપર હોય છે કે, તે આવેલ પુરાવાનું ખંડન કરવાનું રહે છે.

(૫.૨) આ કામે આરોપી કે આરોપીના વકીલશ્રી દ્વારા કોઈ દલીલ કરવામાં

આવેલ નથી જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૬) <u>નિર્ણય માટેના મુદ્દાઓ–</u>

આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ ફરીયાદ તથા દસ્તાવેજો ધ્યાને લેતા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદીને તેઓના કાયદેસરના લેણાં નાણાં પેટે તેમની શ્રી રામ ફાઈનાન્સ કંપની લી. ને શ્રી બારીઆ નાગરીક સહકારી બેંક લી. દેવગઢ બારીઆ શાખાનો ચેક નં. ૦૪૯૯૧૧, કે જે રૂપિયા ૧,૧૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ દસ હજાર પુરા) ના રોજનો આપેલ છે ?

(૨) શું આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

(૩) શું હુકમ ?

- ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧ –** હકારમાં,

**મુદ્દા નં. ૨ –** હકારમાં,

**મુદ્દા નં. 3 –** આખરી હુકમ મુજબ.

<u>**–: નિર્ણય માટેના કા ર ણો :–**</u>

<u>**મુદ્દા નં.૧ અને ૨ :–**</u>

**(૬.૧)** મારા નિર્ણય માટેના કારણો જે ઉપર મુજબ ઉપસ્થિત થયેલ છે તેમાં મુદ્દા નં. ૧ અને ૨ ની ચર્ચા ફરીયાદની હકીકતોનું પુનરાવર્તન ન થાય તથા બંને મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોઈ, તે હેતુથી તે બંને મુદ્દાની ચર્ચા એક સાથે કરવમાં આવે છે.

**(૬.૨)** આરોપી સામે નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કલમ ૧૩૮ મુજબ ગુનો નોંધવામાં આવેલ

છે. નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કલમ ૧૩૮ ની વ્યાખ્યા ધ્યાને લેતાં જે નીચે મુજબ છે

**138. Dishonor of cheque for insufficiency, etc., of funds in the account.-**

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment of a term which may extend to two year, or with fine which may extend to twice the amount of the cheque, or with both."

Provided that nothing contained in this section shall apply unless--

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing,

to the drawer of the cheque, [3][within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

***Explanation.-*** For the purposes of this section, debt of other liability means a legally enforceable debt or other liability.

(૬.૩) હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે કેમ તે અંગેના કારણો –

| SR.NO. | Details | Date |
|---|---|---|
| **1** | Deposit of Cheque | 13/06/2023 |
| **2** | Date of Dishonur/ Return memo | 14/06/2023 |
| **3** | Issuance of Notice | 08/07/2023 |
| **4** | Notice Served | 10/07/2023 |
| **5** | Complaint filed before this court | 24/08/2023 |
| **Complaint filed within limitation** | | |

(૬.૪) <u>પુરાવાના બોજા વિષે –</u>

એ પ્રસ્થાપિત હકીકત છે કે, ચેક એ વિનિમયપત્ર છે અને વિનીમય–પત્ર અન્વયે ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૧૮ મુજબ જો વિરૂધ્ધનું પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, શેરાઓનો સમય ક્રમ સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે તેવી જ રીતે નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૯ વંચાણે લેતાં તેમાં પણ '' જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં

આવશે કે, ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક, કોઈ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશત: ચુકવણી માટે ચેક આપેલો હતો''.

આમ કલમ–૧૩૯ ની જોગવાઈઓ જોતાં ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલીત થાય છે, તેવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનીમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અપુર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમ દર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સત્તા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપુર્ણ વિગત અથવા અન્ય જરૂરી વિગતો અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી લઈ વિનીમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોકત નોંધેલ કલમ ૧૧૮,૧૩૯, અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપરના કેસમાં, ફરીયાદી વિનીમયપત્રોનો ધારણકર્તા હોવાનું માનવાને સબળ કારણ રહે છે. એ ખરું છે કે, કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે, અને જો વિરૂધ્ધનું પુરવાર કરવામાં આવે તો તેનું કાનુની મુલ્ય રહેતું નથી. આમ, વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું કરવામાં આવશે તે ચેક ધારણ કરનારને તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવું કે જવાબદારી અદા કરવામાં આપવમાં આવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે. આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણ ચુકવાયેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બીજો તે ચેક લખી આપનાર પર રહે છે. આમ

કલમ–૧૧૮(એ) અને ૧૩૯ ના અનુમાનો એ કાયદાના અનુમાનો છે ચોકકસ અનુમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી તે ખંડીત થતાં નથી. આ કામે સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવમાં આવેલ છે કે આરોપીએ જેવો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં પણ આવવાની જરૂર રહેતી નથી, એટલે કે અનુમાનનું ખંડન આરોપી, ફરીયાદ પક્ષે જે પુરાવો રજુ કરેલો છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે.

(૬.૫) નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.

In the case of **Gimpex Private Limited vs. Manoj Goel, (2022) 11 SCC 705** this Court has unpacked the ingredients forming the basis of the offence under Section 138 of the NI Act in the following structure:

1. The drawing of a cheque by person on do account maintained by him with the banker for the payment of any amount of money to another from that account;
2. The cheque being drawn for the discharge in whole or in part of any debt or other liability;
3. Presentation of the cheque to the bank arranged to be paid from that account,
4. The return of the cheque by the drawee bank as unpaid either because the amount of money standing to the credit of that account is insufcient to honour the cheque or that

it exceeds the amount

5. A notice by the payee or the holder in due course making a demand for the payment of the amount to the drawer of the cheque within 30 days of the receipt of information from the bank in regard to the return of the cheque; and

6. The drawer of the cheque failing to make payment of the amount of money to the payee or the holder in due course within 15 days of the receipt of the notice.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય. આવી જ રીતે ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય. આવી જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવા બાબત છે એટલે કે વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યા સુધી એવું અનુમાન કરવામાં આવે છે કે, તે ચેક ધારણ કરનારને તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવા કે અન્ય જવાબદારીમાં પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજામુકત થવા બદલ તે ચેક મેળવ્યો હશે અને આ વણચુકવાયેલ પરત થયેલ ચેક હાલના કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા સારુ જ આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે. આમ, આ કામ નો ચેક કાયદેસરના દેવા કે જવાબદારી બદલ બોજમાંથી મુકત થવા માટે આરોપીએ ફરીયાદીને આપેલ છે અને આ દેવું કે જવાબદારી કાયદેસરની છે અને તેના કાયદા દ્વારા અમલ કરાવી શકાય છે તેવો છે તેવું કલમ–૧૩૯ અન્વયે આ

અદાલત અનુમાન કરશે. આનાથી વિરૂધ્ધનું પુરવાર કરવાનો બોજો કે યાને કે પરત આવેલ ચેકનો વણચુકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો અથવા તો તે ચેક બિનઅવેજી હતો, તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આ કામે હાલના આરોપી ઉપર આ બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે. આમ, આ કામે હાલના આરોપી ઉપર આ બોજો રહે છે. કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ ની કાનૂની જોગવાઈઓ જોઈએ તો કોર્ટ હમેશાં ફરીયાદીની તરફેણમાં અનુમાન ન કરે તે માટે વિરૂધ્ધનું પુરવાર કરવાનો બોજો કાયદા દ્વારા આરોપી ઉપર નાખવામાં આવેલ છે પરંતુ કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અન્વયે આ કોર્ટ હાલના આરોપી વિરૂધ્ધ ત્યારે જ ઉપર કહયા મુજબ અનુમાન કરી શકે કે જયારે ફરીયાદીની ફરીયાદ કલમ–૧૩૮ અને ૧૪૨ અન્વયે સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલી હોવી જોઈએ અને બે કલોમોમાં જણાવેલ આદેશાત્માક જોગવાઈઓનું ફરીયાદ પક્ષે નિ:શંકપણે પાલન કરેલ હોવું જોઈએ.

**(૬.૬)** આ કામના ફરીયાદીની આંક– ૦૪ ની જુબાનીમાં જણાવેલ છે કે ફરિયાદી શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લી.ના પાવર ઓફ એટર્ની હોલ્ડર યશપાલ વિરેન્દ્રપ્રતાપસીંહ ક્ષતિય તેમના સરતપાસના સોગંદનામામાં જણાવે છે કે, તેઓની ઓફીસ ૧૦૫–૧૦૬ પહેલો માલ, શિવ પ્લાઝા, રાજમહેલ રોડ, મું.તા.દે.બારીઆ, જી.દાહોદ મુકામે આવેલ છે અને ફરીયાદીની શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લી. કંપનીઝ એકટ–૧૯૫૬ હેઠળ સ્થપાયેલ રજીસ્ટર્ડ કંપની છે. તેની મુખ્ય શાખા ચેન્નઈ ખાતે આવેલી છે. સમગ્ર દેશમાં તથા ગુજરાતના વિવિધ શહેરોમાં શાખાઓ આવેલી છે. દે.બારીઆ મુકામે અમો ફરીયાદીની ઓફીસ ઉપરોકત સરનામે આવેલી છે. અમો ફરીયાદીની કંપની જુના તથા નવા વાહનો ઉપર એચ.પી. કરાર કરી લોન આપે છે.

(૬.૭) તમો આરોપી ફરિયાદીની ઓફીસે આવી મહિન્જા બોલેરો પી ગાડી જેનો રજિસ્ટ્રેશન નંબર. જીજે–૧૬એએ–૪૦૯૪ ખરીદી કરવા માંગતા હોઈ લોન મેળવવા માટે આવેલા અને તમો આરોપી અમારી ફાઈનાન્સ કંપનીના એગ્રીમેન્ટથી સંમત થઈને શ્રી રામ ફાઈનાન્સ લી. સાથે DEVGAT011070003 થી કરાર કરેલ છે અને કરારના જરૂરી કાગળો ઉપર તમો આરોપીએ સહી કરેલ છે.

(૬.૮) તમો આરોપીએ અને ફરીયાદી પાસેથી મેળવેલ લોનના હપ્તા નિયત સમયમાં તમો આરોપીએ ભરવાના હતા અને તમો આરોપીએ ફરીયાદી ફાઈનાન્સ કંપની સાથે નકકી કરવામાં આવેલ શરતો મુજબના લોનના હપ્તા વ્યાજ સહિત ફાઈનાન્સ કંપનીમાં જમા કરાવતા ન હતા જેથી ફરીયાદીની ફાઈનાન્સ કંપનીના ચડેલ બાકી રહેલા હપ્તા ભરી જવા માટે તમો આરોપીને ફોન ઉપર જાણ કરેલ અને ચડેલ હપ્તાની અવાર નવાર માંગણી કરેલ તેમ છતા તમો આરોપીએ લોનના હપ્તા ચુકતે કરેલ નથી અને તમો આરોપી ગમે તે બહાને સમય પસાર કરતા ગયા હતા અને ફરીયાદીની ફાઈનાન્સ કંપનીના આરોપી પાસે બાકી રહેલી રકમની માંગણી કરતા તમો આરોપીએ ફરીયાદને તા.૧૪/૦૪/૨૦૨૩ ના રોજનો રૂા.૧,૧૦,૦૦૦/– પુરાનો શ્રી બારીઆ નાગરિક સહકારીબેંક લી., દે.બારીઆ શાખાનો ચેક નં.૦૪૯૯૧૧ નો આપેલ હતો અને સદર ચેક બેંકમાં રજુ કરતા સ્વીકરાઈ જશે અને ચેકના નાણાં ફરીયાદીની ફાઈનાન્સ કંપનીને મળી જશે તેવો પાકો વિશ્વાસ અને બાંહેધરી તમો આરોપીએ આપેલ.

(૬.૯) ત્યારબાદ તમો આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ એકસીસ બેંક, દે.બારીઆ શાખામાં આવેલ શ્રી રામ ફાઈનાન્સ લી.ના બેંક ખાતા નં. ૨૭૪૦૧૨૯૧૦૧૧૭૭૮ માં તા. ૧૩/૦૬/૨૦૨૩ ના રોજ સ્વીકારવા માટે રજુ કરતા તે ચેકનો અસ્વીકાર કરવામાં આવેલ છે અને તે ચેક અંગે બેંક ધ્વારા તા.૧૪/૦૬/૨૦૨૩ ના રોજ ચેક રીટર્ન મેમાના કારણ ૧ "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત ફરેલ છે.

(૬.૧૦) ત્યારબાદ તેની જાણ ફરીયાદીએ તમો આરોપીને કરેલ હતી પરંતુ તમો આરોપીએ ફરીયાદીને કોઈ પણ સંતોષકારક જવાબ આપેલ નહીં અને લોનના નાણા ભરવામાં ખોટા વાયદાઓ કરેલ હતા અને જેથી ફરીયાદીની ફાઈનાન્સ કંપનીને તમો આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો રહેલ નથી તથા તમો આરોપીના આવા બેજવાબદારી પુવર્કના વર્તનના કારણે ફરીયાદીની ફાઈનાન્સ કંપની સાથે છેતરપીડી, વિશ્વાસઘાતનો ભોગ બન્યા છે અને થણઓ આરોપીને જે અંગેની કાયદેસરની નોટીસ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૦૮/૦૭/૨૦૨૩ ના રોજ નોટીસ આપેલ છે અને જેની બજવણી તમો આરોપીને. તા. ૧૦/૦૭/૨૦૨૩ ના રોજ થઈ ગયેલ હોવા છતા તમો આરોપીએ ફરીયાદીના નાણા નિયત સમયમાં ચુકવી આપેલ નથી. વધુમાં આ કામના ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ આંક-૧૬ થી ૨૨ સુધીના ધ્યાને લેતા જણાઈ આવે છે કે આ કામના ફરીયાદીએ આ કામના આરોપીને સદરહું ચેક કાયદેસરના લેણા અને જવાબદારી પેટે આપેલો હતો તે હકીકત આ કામના ફરીયાદી નિ:શંકપણે પુરવાર કરે છે.

વધુમાં અત્રે એ નોંધવુ જરૂરી છે કે આરોપીની પ્લી લીધા બાદ આરોપી કે તેમના વિ.વ.શ્રી સદર કેસની કાર્યવાહી દરમ્યાન હાજર રહેલ નહી જેથી કાર્યવાહીના દરેક તબકકે તેઓના હકક બંધ કરવામા આવેલ. વધુમાં સદર કામે ફરીયાદીની ઉલટતપાસ થયેલ નથી અને ફરીયાદીનો પુરાવો અનચેલેન્જ રહેલ છે.

(૬.૧૧) નામદાર સર્વોચ્ચ અદાલતમાં **Basalingappa vs.Mudibasappa 2019 0 AIR (SC) 1983** ચુકાદાને ધ્યાનમાં રાખી બચાવમાં જણાવેલ હકીકત મુજબ આરોપીએ કોઈ ખંડનાત્મક હકીકત દર્શાવેલ ન હોઈ તેવા સંજોગોમાં ફરિયાદીએ પોતાનો કાયદેસરનું લેણું અને જવાબદારી

પેટે ચેક આપેલ છે તેવું માનવાને કારણ છે. જે હકીકત ફરીયાદી પુરવાર કરવામાં સફળ થયેલ છે.

(૭) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદીની હકીકત મુજબ આરોપીએ હાલનો તકરારી ચેક લીધેલ લોનની ભરપાઈ પેટે રુપીયા ૧,૧ ૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ દસ હજાર પુરા) નો આપેલો અને ફરીયાદીએ તકરારી ચેક પોતાના ખાતામાં નાખતાં સદર ચેક રીટર્ન થયેલ અને આરોપીએ ફરીયાદીને કાયદેસર જવાબદારી ના પૈસા ન આપતા હાલની ફરીયાદ દાખલ કરી અને તે મતલબની હકીકત ફરીયાદીએ પુરાવાઓથી પુરવાર કરેલ હોઈ તેમજ આરોપી તરફે ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટ કલમ-૧ ૩૮, ૧૧૮ મુજબનું અનુમાન ખંડન કરવામાં આવેલ ના હોઈ જેથી આરોપીએ ધી નેગો.ઈન્સ્ટ્રુ.એકટ કલમ-૧૩૮ મુજબનો શિક્ષા પાત્ર ગુનો આચરેલ છે તેવુ પુરવાર થતુ હોઈ મુદ્દા નં. ૧ અને ૨ નો જવાબ હકારમાં આપી નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત જણાઈ આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

(૧) આ કામના **આરોપી ઉમેશભાઈ મોહનભાઈ પટેલ, ધંધો : ડ્રાઈવીંગ, રહે. બોરગોટા, હોળી ફ., તા.દેવગઢબારીઆ, જી.દાહોદ નાઓને** તેઓની ગેરહાજરીમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૨૫૫(૨) મુજબ ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) સજાના મુદ્દા અંગે સાંભળવામાં આવેલ.

**<u>ચુકાદો</u>** :- આજરોજ તા. **૦૭,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬
દેવગઢ બારીયા

**(સંજયકુમાર ઓ. ગર્ગ)**
એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
દેવગઢ બારીયા.
(UI Code: GJ01738)

(૧) ફરીયાદપક્ષે વિ.વ.શ્રી સજા મુદ્દે દલીલ કરતા જણાવે છે કે, આ કામના આરોપીએ આપેલ ચેકની રકમ ઘણી મોટી રકમ તથા માતબર છે. આ કામના ફરીયાદીને નાણાં ઘણા લાંબા સમયથી ચુકવેલા નથી. આરોપી સામે આર્થિક ગુનો કર્યાનુ સાબિત થયેલ છે તેથી સમાજમા દાખલો બેસે તેવી વધુમા વધુ સજા કાયદા પ્રમાણે પુરેપુરી સજા કરવા તથા ફરીયાદીને ચેકની રકમની બે ગણી રકમનુ વળતર ચુકવી આપે તેવો હુકમ કરવા મે.થશો.

(૨) ઉપરોકત આ કામના ફરીયાદીના વિ.વ.શ્રી નાઓને સાંભળ્યા બાદ આ કામે નેગો. ઈન્સ્ટુ. એકટ કલમ-૧૩૮ ધ્યાને લેતાં તેમાં બે વર્ષની સજા અને ચેકની બમણી રકમ સુધીનુ વળતરની જોગવાઈ કરેલ છે અને તે મુજબ હુકમ કરી શકાય તેમ છે. તેમજ આ કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ- ૨૪ માં દંડ કરવાની સત્તા રહેલ છે. નેગો.ઈન્સ્ટુ. એકટની કલમ-૧૩૮ધ્યાને લેતાં, સદર કાયદા મુજબ આરોપીને કોઈ લઘુતમ રકમ તથા સજા કરવા અંગે કોઈ જોગવાઈ કરેલ નથી એટલે કે અદાલત કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લઈને ન્યાયિક અને વ્યાજબી સજા કરી શકે છે.

(૩) હાલના કેસમાં આરોપી સામે અગાઉ આવા પ્રકારનો કોઈ ચેક આપેલ હોય અને તે રીટર્ન થયેલ હોય, તેવો કોઈ કેસ થયેલ છે કે કેમ? તે બાબતે ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર કોઈ હકીકત લાવેલ નથી. **નામ. અદાલતના**

**બલરાજ વિ. સ્ટેટ ૧૯૯૪ (૩) સુપ્રિમ કોર્ટ પેજ નં. ૨૯** ના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવ્યુ છે કે, નાણાંકીય વળતરનો હુકમ કરતી વખતે અદાલતે આરોપીની આર્થિક સ્થિતિ નિગાહે લેવી જોઈએ. પરંતુ વળતરની રકમ ચેકની રકમથી ઓછી હોવી ન જોઈએ. નામ.સર્વોચ્ચ અદાલતના ચુકાદાને માનસહ વંચાણે લેતાં, **Kaushalya Devi massand V/s Roopkishor ( AIR 2011 SC 2566 )** ના ચુકાદામા એવું ઠરાવેલ છે કે, " Held that the offence under section 138 of the N I Act is almost in the nature of civil wrong which has been given criminal overtone, and imposition of fne payable as compesation is sufcient to meet the ends of justice. નામ.અદાલતના બીજા અન્ય ચુકાદાને વંચાણે લેતાં તેમાં નીચે મુજબ ઠરાવેલ છે **" Vijayan v/s Baby 2011 (4) KLT 355** " Hon'ble the supreme court held that the direction to pay the compesation by way of restitution in regard to the loss on account of the dishonour of the cheque should be practical and realistic. so in prosecution under section 138 of the NI Act, the compensatory aspect of remedy should be given much priority over punitgiven aspect, વધુમાં ચર્ચા કરુ તો કેસમા ચેકની રકમથી બે ગણી રકમ સુધી આ કામના આરોપી પાસેથી ફરીયાદીને વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવાની આ કાયદામા જોગવાઈ કરેલ છે. વધુમાં આ કેસમાં બે વર્ષની કેદની શિક્ષા થઈ શકે તેમ છે અને લઘુતમ સજા અંગે કોઈ જોગવાઈ કરેલ નથી. આ સંજોગો અને કેસની હકીકત જોતાં આરોપી સામે આર્થિક ગુનાનો આરોપ છે. આરોપી અને ફરીયાદી વચ્ચે જે નાણાંકીય વ્યવહાર થયેલ છે અને તે નાણાંકીય

વ્યવહાર પેટે જે રકમ ફરીયાદીને ચુકવી આપવાની હતી તે રકમ માટે આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હતો જેથી આ કામના ફરીયાદીને ચેકની રકમનું વળતર આપવું ઉચિત જણાઈ આવે છે. જે અં ગે નામ.અદાલતનો ચુકાદો વંચાણે લેતાં, જે નીચે મુજબ છે. **Kumaran Vs . State Of Kerala (2017) 7 SCC 471 Supreme Court Of India** જેના પેરા નં.૩૧ અને ૨૬ નીચે મુજબ છે.

31. The provisions of Sections 357 (3) and 431 CrPC, when read with Section 64 IPC , empower the court, while making an order for payment of compensation, to also include a default sentence in case of non - payment of the same." 26. This statement of the law was reiterated in R. Mohan v/s A. K. Vijaya Kumar , (2012) 8 SCC 721 ( see paras 26 to 29). 27. These two judgments make it clear that the deeming fction of Section 431 Cr.P.C. extends not only to Section 421, but also to Section 64 of the Indian Penal Code. This being the case, Section 70 IPC, which is the last in the group of Sections dealing with sentence of imprisonment for non-payment of fne must also be included as applying directly to compensation under Section 357 (3) as well. The position in law now becomes clear. The deeming provision in Section 431 will apply to Section 421 (1) as well, despite the fact that the last part of the proviso to Section 421 (1) makes a reference only to an order for payment of expenses or compensation out of, which would necessarily refer only to Section 357 (1)

and not 357 (3). Despite this being so, so long as compensation has been directed to be paid, albeit under Section 357 (3), Section 431, Section 70 IPC and Section 421 (1) proviso would make it clear that by a legal fction , even though a default sentence has been suffered, yet, compensation would be recoverable in the manner provided under Section 421 (1). This would, however, be without the necessity for recording any special reasons. This is because Section 421 (1) proviso contains the disjunctive " or " following the recommendation of the Law Commission , that the proviso to old Section 386 (1) should not be a bar to the issue of a warrant for levy of fne, even when a sentence of imprisonment for default has been fully undergone. The last part inserted into the proviso to Sec. 421(1) as a result of this recommendation of the Law Commission is a category by itself which applies

to compensation payable out of a fne under Section 357(1) and, by applying the fction contained in Section 431, to compensation payable under Section 357 ( 3 ).

(૪) વધુમાં ના.અદાલતના બીજા અન્ય ચુકાદાને વંચાણે લેતાં જે નીચે મુજબ છે. **K.A. ABBAS H S A ; SABU JOSEPH V/S SABU JOSEPH & ANR; 2010 ( 6 ) SCC 230** Para 27 : From the above line of cases, it becomes very clear, that, a sentence of imprisonment can be granted for default in payment of

compensation awarded under Section 357 (3) of Cr.PC. The whole purpose of the provision is to accommodate the interests of the victims in the criminal justice system. Sometimes the situation becomes such that there is no purpose is served by keeping a person behind bars. Instead directing the accused to pay an amount of compensation to the victim or affected party can ensure delivery of total justice. Therefore, this grant of compensation is sometimes in lieu of sending a person behind bars or in addition to a very light sentence of imprisonment. Hence on default of payment of this compensation, there must be a just recourse. Not imposing a sentence of imprisonment would mean allowing the accused to get away without paying the compensation and imposing another fne would be impractical as it would mean imposing a fne upon another fne and therefore would not ensure proper enforcement of the order of compensation. While passing an order under Section 357 ( 3 ), it is imperative for the courts to look at the ability and the capacity of the accused to pay the same amount as has been laid down by the cases above, otherwise the very purpose of granting an order of compensation would stand defeated.

(૫) વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતના ચુકાદા જોતાં, જો આરોપી વળતરની રકમ ચુકવી આપવામાં કસુર કરે તો અદાલત કેદની સજા ફરમાવી શકે છે જેથી આ કામના આરોપીને બે વર્ષ ની સજા કરવી ન્યાયોચિત અને વ્યાજબી સજા

કરવાનુ ઉચિત જણાઈ આવે છે જેથી નીચે મુજબનો આખરી હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

(૧) આ કામના **આરોપી ઉમેશભાઈ મોહનભાઈ પટેલ, ધંધો : ડ્રાઈવીંગ, રહે. બોરગોટા, હોળી ફ., તા.દેવગઢબારીઆ, જી.દાહોદ નાઓને** તેઓની ગેરહાજરીમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૫(૨) અન્વયે ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૨) વધુમાં આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ રૂપિયા ૧,૧૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ દસ હજાર પુરા) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૫૭ મુજબ ફરીયાદીને વળતર પેટે હુકમની તારીખથી બે માસમાં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં આ કામે આરોપી વળતરની રકમ ફરીયાદીને સમયસર ન ચુકવી આપે તો આરોપીને વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

(૪) આ કામે જો આરોપી વળતરની રકમ નાઝર શ્રી દેવગઢ બારીયામા જમા કરાવે તો અપીલ પીરીયડ વિત્યા બાદ વળતરની રકમ ફરીયાદીને આપવાનો આદેશ કરવામાં આવે છે.

(૫) આરોપીને ઉપર મુજબનુ સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામા આવે છે.

(૬) આ કામે આરોપી ચુકાદા સમયે તથા તે પહેલા પણ કેસની કાર્યવાહી દરમિયાન હાજર રહેલ ન હોય જેથી નામદાર સર્વોચ્ચ અદાલતના **RAJESH PONNADA VS. SATYANARAYANA SRIRANGAM & ANR. SLP(Crl) No. 8954/2018 (II) Dated 29/01/2019** માં થયેલ

હુકમ મુજબ આરોપીનો ચુકાદાની વિના મુલ્યે નકલ મેળવવાનો હક રદ કરવામાં આવે છે.

(૭) વધુમાં આ કામે આરોપી વળતરની રકમ ફરીયાદીને સમયસર ન ચુકવી આપે તો આરોપી પાસેથી વળતરની રકમ દંડ તરીકે વસુલ કરવા માટે કલેકટરશ્રી દાહોદનાઓને આથી આદેશ કરવામાં આવે છે. કલેકટરશ્રી દાહોદ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૪૨૧ મુજબ જપ્તી વોરંટ ઈસ્યું કરવું.

**ચુકાદો** :– આજરોજ તા. **૦૭,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬
દેવગઢ બારીયા

**(સંજયકુમાર ઓ. ગર્ગ)**
એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
દેવગઢ બારીયા.
(UI Code: GJ01738)